Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી
# આત્માનંદ પ્રકાશ

•

મનના અધ્યવસાય સારા અને પવિત્ર હોય તો આત્મા પુણ્યનો ભાગીદાર થાય, જો અધ્યયસાય અશુભ તો આત્મા પાપનો ભાગીદાર થાય, આ અધ્યવસાયને સુધરવા-બગડવામાં બહારના નિમિત્તો કારણભૂત થાય છે.

*

પુસ્તક : ૮૮
અંક : ૨

માગસર
ડીસેમ્બર
૧૯૯૦

આત્મ સંવત ૯૫
વીર સંવત ૨૫૧૭
વિક્રમ સંવત ૨૦૪૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | સ્વાધ્યાયનું પ્રથમ સોપાન | પ. પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ. સા. અનુવાદક : શ્રી કુમારપાળ દેસાઇ | ૧૭ |
| (૨) | ગિરિરાજ યાત્રા સપ્તપદી સોપાન ચોથુ | પ. પૂ. પં. પ્રદ્યુમ્નવિજયજી મ. સા. | ૨૭ |
| (૩) | ભગવાન મહાવીરના 'ગણધર'નો ટુંક પરિચય | પૂ મુનિશ્રી વાત્સલ્યદીપ મ. સા. | ૩૧ |
| (૪) | વ્યવહાર શુદ્ધિ | પૂ. પં. ભદ્રંકરવિજયજી મ. સા. | ટાઇટલ પેજ ૪ |


## આ સભાના નવા આજીવન સભ્ય

## શ્રી પ્રકાશભાઈ નાગરદાસ શાહ માટુંગા–મુંબઈ

## —: યાત્રા પ્રવાસ :—

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સંવત ૨૦૪૭ના માગસર સુદિ એકમને રવિવારના રોજ શ્રી તળાજાતીર્થ ઉપરનો યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો. સારી સંખ્યામાં સભ્યો આવેલ હતા. ખૂબ જ આનંદ અને ભક્તિપૂર્વક શ્રી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી સવાર-સાંજ ગુરુભક્તિ તેમ જ આવેલ સભ્યોની સ્વામીભક્તિ કરવામાં આવી હતી.

## સુ-વિચાર

કલ્પતરૂ ને ચિંતામણિ સમ.
મહામંત્ર નવકાર ।
મંગલ આપે દુખડાં કાપે,
ખોલે મુક્તિના દ્વાર ॥
ક્ષણ ક્ષણ સમરો શ્રી નવકાર
પલ પલ સમરો શ્રી નવકાર,
ઘડી ઘડી સમરો શ્રી નવકાર,
અહોનિશ સમરો શ્રી નવકાર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ એમ. એ., બી. કોમ, એલ. એલ બી.

માનદ્ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ.એ.; એમ.એડ.


## સ્વાધ્યાયનું પ્રથમ સોપાન


: પ્રવચનકાર :
પ. પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ સા.

: અનુવાદક :
ડૉ. કુમારપાળ દેસાઇ


તપરૂપી ઇમારતનો સૌથી ઊંચો મજલો તે સ્વાધ્યાય-તપ. તપ તો ઓછું વત્તું થયું હોય તો ચાલે, પરંતુ સ્વાધ્યાય-તપ તો રોજેરોજ થવું જ જોઇએ. સ્વાધ્યાય-તપના પાંચ પ્રકારનો વિચાર કરીએ તો ખ્યાલ આવશે કે જીવનની પ્રત્યેક ક્ષણે સ્વાધ્યાય જરૂરી છે. સ્વાધ્યાય-તપના ઊંચા મજલા પર પહોંચવા માટે જ્ઞાની પુરુષોએ પાંચ સોપાન બતાવ્યા છે. આ પાંચ સોપાનમાંથી કોઈ પણ સોપાન દ્વારા તપ-ભવનના ઊંચા મજલે પહોંચી શકીએ. આ પાંચ સોપાન છે- (૧) વાચના (૨) પૃચ્છના (૩) પર્યટના અથવા પરાવર્તના (૪) અનુપ્રેક્ષા અને (૫) ધર્મકથા.

વિશાળ ઇમારતમાં અનેક સ્થળે દાદરાઓ હોય છે કે કોઇ જગ્યાએ લિફ્ટ પણ હોય છે. આ જુદા જુદા દાદરામાંથી જેને જે દાદરા પર ચડીને ભવનમાં પહોંચવાની ઇચ્છા હોય તે પહોંચી શકે છે સ્વાધ્યાય-ભવનમાં પહોંચવાની આવી પાંચ સીડી છે જેનો ક્રમશ: વિચાર કરીએ.

### ૧. વાચના

વાચનાનો અર્થ છે સૂત્ર અને અર્થનો અભ્યાસ કરવો અને કરાવવો, અથવા તો ગુરુ કે અન્ય યોગ્ય સાધુ પાસે વિધિપૂર્વક ભણવું અને શાસ્ત્રનું અધ્યયન કરવું. આજના સમયની ભાષામાં કહીએ તો એમ કહી શકાય કે શાસ્ત્રો, ગ્રંથો કે પછી આધ્યાત્મિક અને ધાર્મિક ભાવોની અભિવૃદ્ધિ કરનારા સાહિત્યનું પઠન-પાઠન કરવું.

શાસ્ત્રો અને ગહન ધર્મગ્રંથોનું અધ્યયન ગુરુ અથવા તજજ્ઞ પાસે કરવું જોઇએ. આમ ન થાય તો શાસ્ત્ર કે ગહન ગ્રંથોની પૂર્વાપર વિરોધી લાગતી બાબતો વાંચવાથી શંકા-કુશંકા જાગશે. આ સમયે શંકાનું યોગ્ય સમાધાન નહીં મળે તો વ્યક્તિ ત્યાં જ અટકી જશે અથવા તો એ કોઇ વિપરીત માર્ગે જીવન વ્યતીત કરશે. આ કારણે જ જાતે વાચન કરવાને બદલે શાસ્ત્રો, ગૂઢ ધર્મગ્રંથો કે ગહન તત્ત્વગ્રંથોનું વાચન ગુરુ અથવા યોગ્ય સાધુ પાસે કરવું એવું શાસ્ત્રોમાં વિધાન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આની પાછળ બે-ત્રણ રહસ્ય છૂપાયેલા છે. પહેલી વાત એ કે ગુરુ પાસેથી વાચના લેતી વખતે જ્યાં ક્યાંય પૂર્વાપર વિરોધવાળી અથવા તો અટપટી વાતો આવે તો તરત જ સમાધાન મળી જશે. પરિણામે બુદ્ધિ શંકાના વાદળોથી ઘેરાશે નહિ અથવા તો વિપરીત માર્ગમાં ભટકશે નહીં. બીજું રહસ્ય એ છે કે ગુરુ કે વડીલજનો પાસેથી વાચના લેવાને કારણે એમના પ્રત્યે વિનય, સન્માન, આદર અને શ્રદ્ધાની ભાવના જાગશે. વ્યક્તિને આનાથી લાભ થશે, પણ પ્રત્યેક સંસ્થાને માટે પણ વિનય, અનુશાસન, પરસ્પર પ્રત્યે આદરભાવ, સ્નેહ જેવા તત્ત્વો અનિવાર્ય છે. એમાં પણ સાધુસંસ્થા કે ધર્મસંસ્થા માટે એ વિશેષે જરૂરી છે. જો કોઈ વ્યક્તિ સાધુ-સાધ્વી કે ગુરુ પાસેથી વાચના લેવાને બદલે જાતે જ શાસ્ત્રાભ્યાસ કરશે તો એને ગુરુ અથવા સાધુ પ્રત્યે વિનય-આદર દાખવવાની ઓછી તક મળશે. શાસ્ત્રોમાં અમુક બાબત પરંપરાથી ચાલતી આવતી હોય છે. કોઈ સ્થળે અમુક સંપ્રદાયની અમુક ધારણા હોય છે. આ બધાની જાણ જાતે જ શાસ્ત્રાભ્યાસ કરનારને કંઈ રીતે થશે ? ગુરુ, સાધુ વગેરે તો શાસ્ત્ર કે ગ્રંથાદિની વાચના આપતી વખતે જ એના ગૂઢ રહસ્યોનું ઉદ્‌ઘાટન કરનારી ફૂંચી આપી દે છે.

## જ્ઞાનને વંદન

હાથીદાંત જ્યાં સુધી ગંડસ્થળમાં હોય છે ત્યાં સુધી ઘણા મજબૂત અને શક્તિશાળી હોય છે. હાથીના ગંડસ્થળમાંથી બહાર કાઢ્યા બાદ એ દાંતમાં એટલી શક્તિ હોતી નથી કે એટલી મજબૂતાઈ હોતી નથી. આવી જ રીતે શાસ્ત્ર, ધર્મગ્રંથ આદિ ગુરુમુખમાં હોય અને ગુરુ પાસેથી સાંભળવામાં આવે ત્યારે તેની પાછળ જીવંત ભાવના, તેજસ્વી ચારિત્ર્યબળ અને પ્રત્યક્ષ જ્ઞાનાચારની શક્તિ હોય છે. આ શાસ્ત્ર ગુરુવાણીથી અલગ થઈને જ્યારે લિપિબદ્ધ થાય છે ત્યારે એની પાછળ પ્રભાવક ચારિત્ર્યબળ, પ્રત્યક્ષ જ્ઞાનાચાર કે જીવંત ભાવના હોતી નથી. આ બધા કારણોને લીધે જ શાસ્ત્રાદિની ગુરુ પાસેથી વાચના લેવા પર ભાર મૂકાયો છે.

ગુરુ અથવા તદ્વિદ્ સાધુ પાસેથી વાચના લેવા માટે પણ શાસ્ત્રમાં વિધિ બતાવી છે. વાચના લેનાર ગુરુ આદિને માટે આસન બિછાવશે. નિષધ (શય્યા) બિછાવીને, બંને હાથ જોડીને સુખાસનથી ગુરુ આદિના ચરણોની પાસે બેસીને એકાગ્ર ચિત્તે વાચના સાંભળશે. વિનયપૂર્વક વંદન કર્યા વિના વાચના લેવી તે એક પ્રકારે જ્ઞાનની આશાતના છે.

સવાલ એ ઊભો થશે કે વાચના આપનાર સાધુનો દીક્ષાપર્યાય ઓછા વર્ષનો હોય અને વાચના લેનાર સાધુનું દીક્ષાજીવન દીર્ઘ હોય તો શું ? મોટા સાધુ વંદના કરશે ખરા ? જૈનશાસનની આ જ વિશેષતા છે. આમ તો મોટા સાધુને નાના સાધુ જ વંદન કરશે, પરંતુ જ્ઞાનપ્રાપ્તિનો અવસર હોય અથવા તો નાના સાધુ પાસેથી શાસ્ત્રાદિની વાચના લેવાનો પ્રસંગ હોય તો મોટા સાધુનું કર્તવ્ય એ છે કે પોતાનાથી અધિક વિદ્વાન અને જ્ઞાની નાના સાધુની વંદના કરવી. આ સન્માન કે વિનય વાચનદાતા નાના સાધુને નહીં, પરંતુ એનામાં રહેલા જ્ઞાન અને અભ્યાસને દાખવવામાં આવે છે.

બધાની હાજરીમાં જો મોટા સાધુને નાના સાધુની વંદના કરવામાં સંકોચ થતો હોય તો તે એકાંતમાં વંદના કરીને વાચના લઈ શકે છે. એમાં કોઈ મુશ્કેલી નથી. પરંતુ મોટા સાધુના હૃદયમાં એ નાના સાધુ પ્રત્યે નમ્રતા તો હોવી જ જોઈએ.

આચાર્ય સંઘનો નાયક હોય છે. અને બધા જ સાધુઓ તેને વંદન કરતા હોય છે. આવા મોટા સાધુ પણ વાચના લેતી વખતે વાચના આપનાર નાના સાધુને વંદના કરીને જ્ઞાનની આરાધના કરે છે. આવી આરાધનાથી જ વાચના ફળીભૂત થાય છે નહિ તો એ વાચના સાર્થક કે તેજસ્વી બનતી નથી.



For Private And Personal Use Only

# વિદ્યા શોભે વિનયથી

આ વિષયમાં જૈન ઈતિહાસમાં એક જ્વલંત દૃષ્ટાંત મળે છે. રાજગૃહી નગરીમાં મગધસમ્રાટ શ્રેણિક રાજાની મનોરમ વાટિકા હતી. જેમાં બધી ઋતુઓના ફળ આવતા હતા. આ નગરીમાં વસતી એક ચાંડાલ સ્ત્રીને કેરી ખાવાનો દોહદ થયો. એ ઋતુમાં ક્યાંય કેરી નહોતી તો લાવવી કઈ રીતે ? ચાંડાલ વિચારમાં પડ્યો. છેવટે એણે એક યુક્તિ વિચારી કે સમ્રાટ શ્રેણિકની વાટિકામાં તો આ સમયે પણ વૃક્ષ પર કેરીઓ ઝૂલતી હશે. ત્યાંથી કેરી તોડીને લઈ આવું તેવો વિચાર કર્યો.

ચાંડાલની પત્ની રોજ વધુ ને વધુ દૂબળી થતી જતી હતી. ચાંડાલે એની પત્નીને આશ્વાસન આપ્યું અને એ મગધસમ્રાટ શ્રેણિક રાજાની વાટિકા પાસે ગયો. જોયું તો વાટિકાની ચારે બાજુ ઊંચી દીવાલ હતી અને ચાંપતો ચોકીપહેરો હતો ચાંડાલને થયું કે કેરી લેવા માટે એણે એની વિદ્યા અજમાવવી જ પડશે. નહિ તો કેરી મળશે નહીં.

ચાંડાલની પાસે અવસ્વાપિની અને અવનામિની નામની બે વિદ્યાઓ હતી, પોતાની એક વિદ્યા અજમાવીને ચાંડાલે બધા જ પહેરેગીરોને નિદ્રાધીન કરી દીધા. ચાંડાલ બગીચામાં પ્રવેશ્યો. બીજી વિદ્યા અજમાવીને એણે આંબાના ઝાડને નીચે ઝુકાવી દીધું અને કેરી તોડી લીધી. ચાંડાલ પોતાના ઘેર પાછો આવ્યો અને પત્નીને કેરી ખવડાવીને એનો દોહદ પૂરો કર્યો.

બીજી બાજુ સવારે વાટિકાના માળીએ જોયું તો આંબાના વૃક્ષ પરથી કોઈ કેરી ચોરી ગયું હતું. એણે રાજાને જાણ કરી. રાજાના આશ્ચર્યનો પાર ન રહ્યો કે આવો ચોકીપહેરો હોવા છતાં કોણ કેરી ચોરી ગયું હશે ? શ્રેણિક રાજાએ પોતાના ચતુર મંત્રી અભયકુમારને કેરીની ચોરી કરનારને પકડી લાવવા કહ્યું.

ચતુર અને બુદ્ધિશાળી મંત્રી અભયકુમાર એક ચમત્કારિક મનાતી દેવીના સ્થાને ભરાતા મેળામાં ગયા. દેવીના મંદિરમાં જઈને અભયકુમાર બહાર આવ્યા અને એમણે ઘોષણા કરી.

"નાગરિકો! સાંભળો ! દેવી કહે છે કે કેરીનો ચોર આ મેળામાં જ છે. મેળામાં આવેલા લોકોમાં જ એ ચોર મોજૂદ છે."

આ સાંભળીને લોકો સ્તબ્ધ બની ગયા આ સમયે ચાંડાલના મનમાં થયું કે ખરેખર આ ચમત્કારીક દેવીએ મારૂં નામ પણ કહ્યું હશે હવે આવી બન્યું.

ફરી બીજી વખત અભયકુમાર દેવીના મંદિરમાં ગયા અને થોડીવારે બહાર આવીને બોલ્યા,

"ભાઇઓ ! કેરીનો ચોર અહીં જ છે. દેવીને મેં એનું નામ પૂછ્યું તો દેવી કહે તારે નામથી શું કામ છે ? તને એ ઓળખાય એવું નિશાન આપું છું. જેની દાઢીમાં ઘાસનું તણખલું હોય એ જ ચોર છે."

ચાંડાલ ઝડપથી પોતાની દાઢી ફંફોળવા લાગ્યો. તપાસ કરવા લાગ્યો કે દાઢીમાં ક્યાંય તણખલું તો નથી ને ? ચાંડાલ દાઢીમાં હાથ ફેરવતો હતો કે તરત જ અભયકુમારે એને પકડી લીધો. અને પૂછ્યું,

"શું રાજવાટિકામાંથી તેં કેરીની ચોરી કરી હતી ? "

ચાંડાલ બોલ્યો. "જ્યારે ખુદ દેવી કહેતી હોય ત્યારે એ સાચું જ હોય ને? "

અભયકુમારે પૂછ્યું, "કેરીની ચોરી તેં શા માટે કરી ? "

ચાંડાલ બોલ્યો, "મારી પત્નીને કેરી ખાવાનો દોહદ થયો હતો. જો હું એનો દોહદ પૂરો ન કરું તો એ રોજ વધુને વધુ દુર્બળ થઈને મૃત્યુ પામે તેમ હતી. મારો આખો સંસાર ચોપટ થઇ જાય. વંશવેલો નાબૂદ થઇ જાય."

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અભયકુમારે પૂછ્યું, "તારી એ વાત તો સમજાઈ કે પત્નીનું દોહદ પૂરું કરવા માટે તેં કેરીની ચોરી કરી. પણ એ સમજાતું નથી કે આટલા બધા ચોકીદારો હોવા છતાં તું બગીચામાંથી કઈ રીતે ફળ ચોરી લાવ્યો ?"

ચાંડાલે કહ્યું, મંત્રીશ્વર, મને અવસ્વાપિની અને અવનામિની નામની બે વિદ્યા આવડે છે, પહેલી વિદ્યાથી ચોકીદારોને બેહોશ કરી દીધા અને બીજી વિદ્યાથી આંબાની ડાળને નીચે નમાવી દીધી."

મહામંત્રીએ ચાંડાલને રાજાની સમક્ષ હાજર કર્યો. રાજાએ એના ગુના અંગે પૂછપરછ કરીને મૃત્યુદંડ જાહેર કર્યો.

મંત્રી અભયકુમારે વિચાર્યું કે આ બિચારો ચાંડાલ નકામો માર્યો જશે. એને બચાવવાનો કોઇ ઉપાય કરવો જોઇએ. આથી અભયકુમારે મહારાજ-શ્રેણિકને કહ્યું, "મહારાજ ! આ ચાંડાલને મૃત્યુદંડ તો આપવો જ છે. પરંતુ એની પાસે જે બે વિદ્યાઓ છે તે આપે શીખી લેવી જોઈએ. આમ નહીં થાય તો એની સાથે આ બે વિદ્યાઓ પણ નષ્ટ થઇ જશે."

મગધસમ્રાટ શ્રેણિકને અભયકુમારની વાતમાં તથ્ય જણાયું. બીજી બાજુ અભયકુમારે ચાંડાલને કહ્યું, જો તારે બચવું હોય તો રાજાને બંને વિદ્યા શીખવી દે. હું તારા પ્રાણ બચાવવા માટે પ્રયત્ન કરીશ."

ચાંડાલે કહ્યું, "જરૂર શીખવીશ. જો મારા પ્રાણ બચતા હોય તો વિદ્યા શીખવવામાં મને કોઇ મુશ્કેલી નથી."

સિંહાસન પર બિરાજેલા મહારાજા શ્રેણિકને ચાંડાલ નીચે ઊભો રહીને વિદ્યા શીખવવા લાગ્યો. ચાંડાલે વિદ્યા શીખવવાનો પુષ્કળ પ્રયત્ન કર્યો. પરંતુ રાજાને એનો એક અક્ષર પણ સમજાતો નહોતો. ભણનાર અને ભણાવનાર બંને હેરાન-પરેશાન થઇ ગયા. ઘણો વિચાર કર્યો પણ સમજાતું નહોતું કે આમ થાય છે કેમ ?

એક દિવસ રાજાએ ચાંડાલને કહ્યું, "અરે, તું મારી સાથે કપટ રમી રહ્યો છે ? આટલા બધા દિવસથી વિદ્યા શીખવાડે છે છતાં મને કેમ કશું આવડતું નથી ?"

ચાંડાલે કહ્યું, "મહારાજ, સાવ સાચું કહું છું કે હું મારી વિદ્યાનો એક અક્ષર પણ આપનાથી છુપાવતો નથી અને આ વિદ્યા શીખવવામાં મેં તમામ કોશિશ કરી છે. કોઈ કસર રાખી નથી."

મંત્રી અભયકુમાર આ સંવાદ સાંભળતો હતો. એણે રાજાને નિવેદન કર્યું, "મહારાજ, વિદ્યાર્થી ઊંચે આસને બેસે અને શીખવનાર નીચે આસને બેસે તો વિદ્યા ક્યાંથી આવે ? ડોલને કૂવામાંથી પાણી લેવું હોય તો નીચે ઝૂકવું પડે. કૂવો પાણી આપવા માટે ઉપર ન આવે. એ જ રીતે વિદ્યા નમ્ર (વિનયી) થયા વિના મળે નહીં. આમ આ ચાંડાલને સિંહાસન પર બેસાડો અને તમે નીચે બેસો તો જ વિદ્યા પ્રાપ્ત થાય."

"સાચી વાત છે, તારી અભય. અમે ભૂલ કરતા હતા." રાજાએ સરળતાથી કહ્યું.

રાજા તરત જ સિંહાસન પરથી નીચે ઊતર્યો. ચાંડાલને સિંહાસન પર બેસાડયો પછી ચાંડાલે બંને વિદ્યા શીખવવી શરૂ કરી અને રાજાએ આસાનીથી શીખી લીધી.

રાજા શ્રેણિકે વિદ્યા શીખી લીધી. પછી અભયકુમારે એક વખત કહ્યું, "મહારાજ, પેલા ચાંડાલ માટે આપનો શો હુકમ છે ?"

રાજાએ કહ્યું, "હુકમ કંઇ વારંવાર થાય ખરા? રાજઆજ્ઞા તો એક જ વાર આપવામાં આવે."

અભયકુમારે કહ્યું, "મહારાજ હું તો આપને એ માટે કહું છું કે કોઈ નિર્દોષ વ્યક્તિ દંડપાત્ર બની જાય નહીં. ચાંડાલે આપને વિદ્યા શીખવી એટલે તેઓ હવે આપના વિદ્યાગુરુ બની ગયા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેથી હવે આજ્ઞા આપો કે વિદ્યાગુરુ સાથે શું કરવું ?"

રાજાને વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. પોતાના વિદ્યાગુરુનું અપમાન કરવાની હિંમત ક્યાંથી હોય ? મહારાજ શ્રેણિકે કહ્યું,

"અભયકુમાર, તમે મને ગંભીર અપરાધમાંથી ઉગારી લીધો છે. હવે અમારા ગુરુજીને ભેટ આપીને સન્માનપૂર્વક વિદાય કરો. હવે એમને પણ અપરાધમુક્ત કરો."

આ કથાનો મર્મ એ છે કે વાચના કે વિદ્યા લેનાર વ્યક્તિ ગમે તેવું ઊંચું પદ કે વધુ વય ધરાવતો હોય તોપણ જો એ વાચનાદાતાનો વિનય કરતો નથી તો એને વાચના ફળીભૂત થતી નથી. વિનીત હોય તેની વિદ્યા વધે, અવિનયી કે અવિનીત હોય તેની વિદ્યા કે વાચનામાં કોઇ વૃદ્ધિ થતી નથી.

## વિદ્યા ઘટે ગર્વથી

આ સંદર્ભમાં એક વ્યાવહારિક ઉદાહરણ જોઇએ. એક પંડિતજી પાસે બે વિદ્યાર્થીઓ ભણતા હતા. પંડિતજી બંનેને કશાય પક્ષપાત વિના અભ્યાસ કરાવે. બંનેને સરખું શીખવે. આ બે વિદ્યાર્થીમાં એક વિદ્યાર્થી વિનયી અને સરળહૃદયી હતો. ગુરુ પ્રત્યે પ્રેમ અને વિનય દાખવતો હતો તેમ જ તેમની આજ્ઞાનું યોગ્ય રીતે પાલન કરતો હતો. ક્યારેય શંકા જાગે તો જિજ્ઞાસાપૂર્વક પૂછતો હતો. આમ દરેક પ્રકારે તે ગુરુસેવા અને ગુરુ-આદર કરતો હતો.

બીજો વિદ્યાર્થી ઉદ્દંડ, અવિનયી અને ઘમંડી હતો. સેવાની વાત તો બાજુએ રહી, પણ ક્યારેક ગુરુનું અપમાન પણ કરી બેસતો હતો.

એક દિવસ પંડિતજીએ આ બંને વિદ્યાર્થીઓને કોઇ કામસર પરગામ મોકલ્યા. વિનીત શિષ્ય તો તરત તૈયાર થઇ ગયો, પરંતુ ઘમંડી શિષ્યને જવાનું પસંદ નહોતું. એ મોં ચડાવતો ચડાવતો મન વિના વિનીત શિષ્યની સાથે ગયો.

બંને વિદ્યાર્થીઓ એક સાથે જઈ રહ્યા હતા. એવામાં ચાલતા ચાલતા એમણે જમીન પર મોટાં પગલાં જોયાં. આ જોઇને ઘમંડી વિદ્યાર્થી બોલ્યો, "અરે જો, અહીંથી હાથી પસાર થયો લાગે છે."

વિનીત વિદ્યાર્થીએ કહ્યું, "ના અહીંથી તો હાથણી ગઈ છે અને તે પણ એક આંખે કાણી. વળી એની પીઠ પર અંબાડી હતી. એમાં રાણી બેઠી હતી. રાણીએ લાલ વસ્ત્રો પહેર્યા હતા. એ રાણી ગર્ભવતી હતી અને થોડા જ સમયમાં એને પ્રસૂતિ આવવાની હતી."

અભિમાની વિદ્યાર્થી આ વાત સાંભળીને અકળાઈ ઉઠયો. એણે એનું ખંડન કરતાં કહ્યું, "અરે ! તું તો સર્વજ્ઞ જેવી વાત કરે છે. તારી બધી વાત પોકળ બકવાસ જેવી છે."

વિનીત શિષ્ય બોલ્યો, "મિત્ર, ગુરુકૃપાનો આ પ્રતાપ છે. મારી વાત સાચી ન લાગે તો જોઈ લે. હાથમાં પહેરેલા કંગનને જોવા માટે દર્પણની જરૂર હોતી નથી."

અભિમાની વિદ્યાર્થી તો આ બધું સાંભળીને સ્તબ્ધ થઇ ગયો. થોડે દૂર ગયો ત્યાં લોકો પાસેથી એને સાંભળવા મળ્યું કે રાણીને બાળક થવાનું છે. એ હાથણી પર બેસીને પિયર જઈ રહી હતી, પરંતુ પ્રસવકાળ નજીક આવતા અડધે રસ્તે જ અટકી જવું પડયું. અહીં એને પુત્રનો જન્મ થયો.

વિનીતની બીજી બધી વાતો પણ સાચી નીકળી. અભિમાની વિદ્યાર્થીનું હૃદય ક્ષોભથી ખળભળી ઊઠયું. એને પાકી શંકા થઈ કે ગુરુ પક્ષપાતી છે. તેઓ આને વિદ્યા દે છે અને મને આપતા નથી.

ચાલતા ચાલતા બંને શિષ્યો એક નગરમાં પહોંચ્યા. નગરની બહાર બંનેએ સ્નાન અને પૂજાપાઠ કરવાનું નક્કી કર્યું. સ્નાન કરીને બંને સંધ્યા કરવા લાગ્યા. અભિમાનીએ ઝટપટ સંધ્યા કરી લીધી જ્યારે વિનયી વિદ્યાર્થી શ્રદ્ધાપૂર્ણ હૃદયે ઇશ્વર-સ્તુતિ કરતો હતો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એવામાં એક ઘરડી સ્ત્રી એ જ તળાવમાં સ્નાન કરીને પાણીનો ઘડો ભરી ઘર તરફ પાછી ફરતી હતી કે એકાએક એનો ઘડો ફૂટી ગયો. વૃદ્ધ સ્ત્રી અભિમાની વિદ્યાર્થી પાસે આવી અને બોલી,

"અરે મહારાજ ! મારો એક પ્રશ્ન છે મારો પુત્ર વિદેશ ગયો છે તે કયારે આવશે ?"

ઉદ્ધત વિદ્યાર્થી બોલ્યો, "અરે માતાજી. એ તો કયારનોય મૃત્યુ પામ્યો છે."

આ સાંભળીને તો વૃદ્ધા જોર જોરથી રડવા લાગી. નજીક બેઠેલા વિનયી શિષ્યએ પોતાની સંધ્યા પૂર્ણ થતાં વૃદ્ધ સ્ત્રીને કહ્યું.

"અરે માતાજી, રડો છો શા માટે ? આપ ઘેર જાઓ. તમારો દીકરો રાજીખુશીથી ઘેર પહોંચી ગયો છે. અરે, તમારી રાહ જુએ છે."

આ શબ્દો સાંભળતાં જ વૃદ્ધ સ્ત્રીના જીવમાં જીવ આવ્યો. એ તરત ઘર તરફ ચાલવા લાગી. ઘેર પહોંચતાં જ એણે જોયુ તો એનો દીકરો રાહ જોતો હતો. જનની અને જાયો બંને પ્રેમથી એકબીજાને વળગી પડ્યા.

વૃદ્ધ સ્ત્રીના આનંદનો પાર નહોતો. એણે વિનયી વિદ્યાર્થીનું ખૂબ સન્માન કર્યું અને કહ્યું, "સાચે જ આપે કહેલું સોએ સો ટકા સાચું પડયું. મારો દીકરો મને ક્ષેમકુશળ ઘેર મળી ગયો. આપનું જ્ઞાન પ્રશંસનીય છે." આટલું બોલીને વૃદ્ધાએ અભિમાની વિદ્યાર્થી સામે જોયું અને બોલી, "આ સત્યાનાશીએ તો મારા પુત્રને મારી જ નાખ્યો હતો."

બંને વિદ્યાર્થીઓ પોતાનું કાર્ય પૂર્ણ કરીને ગુરુની પાસે પહોંચ્યા. અભિમાની વિદ્યાર્થીએ ગુરુને કહ્યું.

"મહારાજ, તમે તો અત્યંત પક્ષપાતી અને કપટી છો. આને સારું અને ઉચ્ચ જ્ઞાન આપો છો અને મને સાવ ઊંધું જ ભણાવો છો."

ગુરુએ કહ્યું, "હું તો કશાય ભેદભાવ વિના બંનેને સરખું શીખવું છું. મારા માટે તમે બંને સમાન છો મારા મનમાં પણ તમારા બેમાંથી કોઈનાય પ્રત્યે પક્ષપાત નથી."

ઘમંડી શિષ્યે કહ્યું, "તો પછી મારી બધી વાત ખોટી કેમ પડી અને આની બધી વાત સાચી કેમ નીકળી ?"

આમ કહીને અભિમાની શિષ્યે રાજાની રાણી અને ડોશીના દીકરાની ઘટના કહી, ત્યારે ગુરુએ વિનયી શિષ્યને કહ્યું, "હે શિષ્ય ! તું જ કહે આ બધું તેં જાણ્યું કઈ રીતે ?"

વિનયી શિષ્યે કહ્યું, ગુરુદેવ, મેં ચારેય પગની પાછળ લઘુશંકા થયેલી જોઈને અનુમાન કર્યું કે અહીંથી હાથી નહિ, પણ હાથણી પસાર થઈ હશે. હાથી હોય તો ચાર પગની વચમાં લઘુશંકા થયેલી હોત. રસ્તામાં એક બાજુની વેલો કોઈ ખાઇ ગયુ હતું અને બીજી બાજુની વેલો એમની એમ જ હતી તેથી અનુમાન કર્યું કે હાથણી કાણી હોવી જોઇએ. હાથીની સૂંઢ પણ પહોંચે નહિ ત્યાં સુધીની ઊંચી ડાળીઓ તૂટેલી જોઈને માન્યું કે એની પીઠ પર અંબાડી હશે, આગળ જતાં રસ્તામાં કયાંક કયાંક લાલ વસ્ત્રના દોરા વૃક્ષની ડાળીમાં ભરાયેલા જોયા એટલે જાણ્યું કે અંબાડીમાં કોઈ સ્ત્રી બેઠી હશે. હાથીની અંબાડી પર કોઈ સામાન્ય સ્ત્રી તો કયાંથી બેસી શકે ? આથી મેં અનુમાન કર્યું કે રાજાની રાણી જ આના પર બેઠી હશે. એક સ્થળે હાથણીને એક જગ્યાએ બેસાડવામાં આવી હતી અને બાજુમાં ઉઠતાં જમીનનો ટેકો લેવામાં આવ્યો હોય તેમ દેખાતું હતું. આ પરથી જાણ્યું કે એ ગર્ભવતી છે અને એને થોડા જ સમયમાં પ્રસવ થવાનો છે. વળી એનો જમણો પગ ધૂળમાં વધુ ઊંડે ખૂંપેલો હોવાથી એની જમણી કૂંખ ભારે હશે એમ વિચારીને કહ્યું કે એને પુત્ર જન્મ થશે."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુરૂએ ઘમંડી શિષ્ય તરફ જોઇને કહ્યું, "શું આ બધું મેં શીખવ્યું છે ? પણ વિનીત શિષ્ય એ પણ કહે કે વૃદ્ધાનો પુત્ર દેશાવરથી ઘેર પાછો ફર્યો છે એમ તે શા પરથી કહ્યું ?"

વિનીત શિષ્યએ કહ્યું, "ગુરુદેવ, મેં જોયું કે આ વૃદ્ધાનો ઘડો એકાએક ફૂટી ગયો. ઘડાનું પાણી તળાવના પાણી સાથે મળી ગયું. અર્થાત્ એ પાણીનો તળાવના પાણીથી થનારો વિયોગ દૂર થઇ ગયો. આ શુકન પરથી જાણ્યું કે આ વૃદ્ધાને એના પુત્રનો વિયોગ જરૂર દૂર થશે. આમ સમજીને જ કહ્યું હતું કે તમારો પુત્ર ઘેર આવી ગયો છે.

ગુરુજીએ અવિનયી શિષ્યને કહ્યું, "જો આ કશુંય મેં શીખવ્યું નહોતું."

અવિનયી નિરુત્તર બની ગયો.

આ દૃષ્ટાંત દર્શાવે છે કે જે અવિનયી છે એની વાચના કે વિદ્યા કદી સફળ થતી નથી. વિનીત જ વિદ્યાને સફળ બનાવે છે એટલું જ નહીં પણ એને વધુ વિકસિત કરી શકે છે. આજ-કાલ સાધુજનોની પ્રવૃત્તિ જોતાં ભારે દુઃખ સાથે કહેવું જોઈએ કે વિદ્યાના આદરને અભાવે પોતાનાથી અધિક વિદ્વાન હોય તોપણ મોટા સાધુ નાના સાધુને આદર આપતા નથી. બધા અહમિન્દ્ર બની ગયા છે. પોતાને નાના માનવામાં એમને સંકોચ થાય છે. આને પરિણામે સાધુ-સાધ્વીમાં પરસ્પર ઇર્ષા અને દ્વેષ વધી રહ્યા છે. સાધુ-સાધુ વચ્ચે અને સાધ્વી-સાધ્વી વચ્ચે પણ પરસ્પર મેળ નથી. આના છાંટા સંઘ પર ઉડે છે અને તેથી સંઘમાં વિઘટન પેદા થાય છે. પણ યાદ રાખવું જોઇએ કે લઘુતા અપનાવ્યા વિના કયારેય પ્રભુતા મળશે નહીં. એક સાધકે પોતાની ગુરુસેવામાંથી જે મેળવ્યું તેનું વર્ણન કરતાં કહ્યું છે.

"लघुता मेरे मन भाई,

लही गुरुज्ञान-निशानी।"

## ધર્મનું મૂળ : વિનય

તમને ખ્યાલ હશે કે પાક્ષિક, ચાતુર્માસિક કે સાંવત્સરિક પ્રતિક્રમણમાં સમુચ્ચયમાં ક્ષમાપનાનો સમય આવે છે ત્યારે નાના મોટાની ક્ષમા માગે છે અને જ્યાં પ્રત્યેક ક્ષમાપના (ખામણા) આવે છે ત્યાં એવો ક્રમ છે કે પહેલા આચાર્ય બધા નાના સાધુઓની ક્ષમાયાચના કરે અને એ પછી એમનાથી નાના અને ત્યાર બાદ એમનાથી પણ નાના ક્ષમાપના કરે. આનો અર્થ એ થયો કે જે સૌથી નાના છે તે સૌથી છેલ્લે ખમાવશે અને જે સૌથી મોટા છે તે સૌથી પહેલા ખમાવશે.

આવું શા માટે ? આનો ઉદ્દેશ એ છે કે મોટા સાધુમાં અભિમાન જાગે નહીં. આચાર્યના મનમાં એવો ભાવ હોવો જોઇએ કે "તું ઉત્કૃષ્ટ પુણ્યબળને કારણે આચાર્ય બન્યો છે અને ઉત્કૃષ્ટ પુણ્ય તો વિનયના પ્રશસ્તભાવથી જ પ્રાપ્ત થાય છે. અભિમાનીમાં કયારેય પ્રશસ્તભાવ આવશે નહીં. આથી હવે વિનય-ગુણને કેમ છોડી શકાય ? તને આચાર્ય બનાવનાર જ આ સાધુઓ છે. આચાર્ય જ્યારે પોતાનાથી નાના હોય તેની ક્ષમાયાચના કરતા હોય ત્યારે નાના સાધુના મનમાં પણ કોઇ તુચ્છ ભાવના રહેતી નથી. એ પણ પોતાના પૂજ્યો તરફ પૂર્ણ વિનય દાખવે છે.

હવે વાચનાના વિષયમાં એક સવાલ એ ઊભો થાય છે કે જો કોઇ ગચ્છ કે સંપ્રદાયના સાધુ-સાધ્વી ભણેલા ન હોય તો શું કરવું ? અથવા તો કોઈ સાધુ-સાધ્વી ભણેલા હોય, પરંતુ વ્યર્થ બાબતોમાં સમય ગાળતા હોય તો કોઇ ગૃહસ્થ પંડિતે એમણે ભણાવવા જોઈએ કે નહિ ? જો કોઇ ગૃહસ્થ પંડિત એમને ભણાવવા જાય તો એ ગૃહસ્થને વંદન કે વિનય કરવા સાધુ-મર્યાદાથી પ્રતિકૂળ બનશે. આવી સ્થિતિમાં કયો એવો મધ્યમ માર્ગ નીકળી શકે કે જેથી જ્ઞાન તરફ અવિનય થાય નહીં અને સાધુઓની મર્યાદા જળવાય ?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈન સમાજનુ એ દુર્ભાગ્ય છે કે એમાં બહુ ઓછા ભણેલાગણેલા વિદ્વાન મળે છે, વળી કોઈ ગૃહસ્થ પંડિત કે વિદ્વાન હોય તો સમાજમાં એમની કદર થતી નથી. માત્ર લક્ષ્મીપુત્રોને સન્માન અપાય છે. સરસ્વતીપુત્રોની કદર કરનારા તો વિરલા જ હોય છે. આવી પરિસ્થિતિ હોય ત્યાં સંસ્કૃત-પ્રાકૃતના વિદ્વાન મળે ક્યાંથી? આને પરિણામે જ મોટે ભાગે જૈનોના બધા ફિરકાઓમાં બ્રાહ્મણ-પંડિતોથી અભ્યાસ કરવાની પરિપાટી અપનાવવામાં આવી છે. બ્રાહ્મણ વિદ્વાનો તરફ સહેજે નફરત નથી. કારણ કે આપણા ગણધર બ્રાહ્મણ હતા અને બીજા કેટલાય બ્રાહ્મણ આચાર્ય બનેલા છે.

## વિદ્યાદાતાઓનું સન્માન

ગૃહસ્થ પંડિત રાખીને અભ્યાસ કરવો તે ઉત્સર્ગ-માર્ગ નથી, પણ અપવાદ-માર્ગ છે. સાધુઓ અપઠિત રહે અથવા તો યુગાનુરૂપ અધ્યયન કરે નહીં તો એનું પરિણામ ઘણું ભયંકર આવે. આધુનિક યુગમાં સાધુ જો અભ્યાસ નહીં કરે તો એ ધર્મની વ્યાખ્યા યુગને અનુરૂપ રીતે સમજી કે કરી શકશે નહીં, તેમ જ યુગાનુરૂપ ધર્મને નવી દિશા આપી શકશે નહીં. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો વિવેક પણ ગંભીર અધ્યયનથી જ આવે છે.

અમારા આગમ પ્રાકૃત ભાષામાં છે અને એના પરની પ્રાચીન ટીકાઓ સંસ્કૃત ભાષામાં છે. આજે દેશમાં હિન્દી ભાષા વધુ પ્રચલિત છે. આથી સંસ્કૃત-પ્રાકૃતમાં લખાયેલા ન્યાય અને દર્શન-શાસ્ત્રના ગ્રંથોનું અધ્યયન અત્યંત જરૂરી છે. આ વિષયોના અભ્યાસી વિદ્વાન સાધુ-સાધ્વી હોય તો પહેલાં એમના પાસે અભ્યાસ કરવો જોઈએ.

તમને ખબર હશે કે આચાર્ય હીરવિજયસૂરિની નિશ્રામાં પાંચસો સાધુ હતા. એમાં કોઇ સાહિત્યના પંડિત હતા તો કોઇ ન્યાયનો, કોઈ વ્યાકરણના તો કોઇ જૈન શાસ્ત્રોના જ્ઞાતા હતા, એમણે સાધુઓના પરસ્પર પઠન-પાઠનની વ્યવસ્થા પણ એવી કરી હતી કે વ્યાકરણ ભણનાર વૈયાકરણ વિદ્વાન સાધુ પાસેથી ન્યાયવાળા નૈયાયિક પાસેથી અને દર્શન-શાસ્ત્રવાળા દાર્શનિક પાસેથી ભણી લેતા હતા. આ પ્રકારે વિદ્વાન સાધુઓની વ્યવસ્થા હોવાથી એમને અધ્યયન માટે બ્રાહ્મણ પંડિતોની જરૂર પડી નહીં.

જે જમાનામાં હીરવિજયસૂરિજી અભ્યાસ કરતા હતા તે સમયે કોઇ વિદ્વાન નૈયાયિક સાધુ મળતો નહોતો. આથી ન્યાયશાસ્ત્રના અભ્યાસ માટે એમને દોલતાબાદ (આજનું ઔરંગાબાદ) જવુ પડયું. જ્યાં ન્યાયશાસ્ત્રના જાણીતા પંડિતો હતા. આજ-કાલ તો ન્યાય ભણાવવાની ગાદી કાશીમાં છે અને કાશી જ બધી વિદ્યાઓ અને વિદ્વાનોનુ ધામ માનવામાં આવે છે.

ઉપાધ્યાય યશોવિજયજી અને વિનયવિજયજીને ગહન અધ્યયન કરાવવા માટે એમના ગુરુ એમને લઇને કાશી ગયા. કાશીમાં બ્રાહ્મણોનુ વર્ચસ્વ હતું. વળી શ્રમણ-બ્રાહ્મણ વચ્ચે લાંબા સમયથી વિરોધ ચાલતો હતો. બંને વચ્ચે દ્વેષ અને ઘૃણા પ્રવર્તતા હતા ત્યાં કોણ આ જૈન સાધુઓને સાધુ વેશમાં ભણાવે? ઘણી કપરી સમસ્યા ઊભી થઇ. સાધુઓને બ્રાહ્મણ પંડિતો પાસે ભણવું પણ હતું અને પોતાની સાધુતા સુરક્ષિત રાખવી હતી. આથી ગુરુઆજ્ઞાથી એમણે મધ્યમ-માર્ગ સ્વીકાર્યો જેથી બ્રાહ્મણ પંડિતોને દ્વેષ ન થાય અને તેઓ ભારે હોંશથી ભણાવે. એમની પાસે બટુક (બ્રહ્મચારી બ્રાહ્મણ) ના વેશમાં સાધુઓ જવા લાગ્યા અભ્યાસ કરી લીધા પછી ધર્મ-સ્થાનમાં આવીને સાધુવેશ પહેરી લેવા લાગ્યા યશોવિજયજી અને વિનયવિજયજીના ગુરુદેવ એટલા બધા દયાળુ અને પરમ ઉપકારી હતા કે જ્યારે આ બંને પંડિતજી પાસે ભણવા જતાં ત્યારે પાછળથી તેઓ એમને માટે ભોજન ઇત્યાદિની વ્યવસ્થા કરતાં હતા. સાથોસાથ અધ્યયનને માટે બધી જ વ્યવસ્થા કરતા હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંડિતજી પાસે યશોવિજયજીએ ન્યાય અને વિનયવિજયજીએ વ્યાકરણ ભણવાનું શરૂ કર્યું બંને પોતાના વિષયમાં પારંગત બન્યા. એમને વિદ્યા-દાન આપનાર પંડિતજીએ નવ્યન્યાયનો એક ઉત્તમ ગ્રંથ બનાવ્યો. ગ્રંથનું નામ રાખ્યું 'ખંડખાદ્ય' આ શીર્ષકનો અર્થ છે ખાંડનું ભોજન. વિદ્યાદાતા પંડિતજીએ આ ગ્રંથ પોતાના બધા વિદ્યાર્થીઓને સંભળાવ્યો. આ સાંભળીને બે વિદ્યાર્થી 'જસલા' અને 'વિનયા'ને દુઃખ થયું. બાકીના બધા વિદ્યાર્થીઓ અતિ પ્રસન્ન થયા. આ બંનેને એટલા માટે અધિક પ્રસન્નતા ન થઇ કે એ ગ્રંથમાં અનેકાન્તવાદને બદલે એકાંતવાદના સિદ્ધાંતનું જ વધુ મંડન કરવામાં આવ્યું હતું.

યશોવિજયજીથી રહેવાયું નહીં. વિદ્યાદાતા પંડિત પાસેથી એ ગ્રંથ માંગ્યો. એમની ઇચ્છા પોતાના નિવાસસ્થાને જઈને ભણવાની હતી. પંડિતજીએ ગ્રંથ આપવાનો ઇન્કાર કરતા કહ્યું, "આ ગ્રંથની એક જ પ્રત છે માટે જોવી હોય તો અહીં બેસીને જોઇ લો. લઇ જવાશે નહીં."

યશોવિજયજી અને વિનયવિજયજીએ એક યુક્તિ કરી. ત્યાંને ત્યાં બેસીને બંનેએ અડધો-અડધો કંઠસ્થ કરી લીધો. બંનેમાં તીવ્ર બુદ્ધિ હતી. ઘેર જઇને બંનેએ કંઠસ્થ કરેલો ગ્રંથ પૂરેપૂરો લખી નાખ્યો. એ પછી યશોવિજયજીએ 'ખંડખાદ્ય' ગ્રંથનું કુશળતાથી અને સબળ તર્ક સાથે ખંડન કરતું એક પુસ્તક લખ્યું. વિદ્યાદાતા પંડિતજી આ પુસ્તકને વાંચીને આશ્ચર્યચકિત થઇ ગયા. એમણે કરેલા ખંડનનું ખંડન કરે તેવી કોઇ યુક્તિ ન હતી મનોમન પ્રસન્ન થઇને પંડિતજીએ વિચાર્યું.

"હવે આ બંને પૂરેપૂરા વિચક્ષણ અને બુદ્ધિમાન થઇ ગયા છે. એમને અભ્યાસ કરાવવાની કોઈ જરૂર રહી નથી અને એ પણ જાણી લીધું કે તેઓ જૈન છે."

વિદ્યાદાતા પંડિતજીએ, બંનેને સદ્ભાવના સાથે કહ્યું, 'હવે તમારે કાશીમાં રહેવું જોઈએ નહીં. તમારો જાન ખતરામાં છે. કોણ શું કરી બેસશે એની કોને ખબર છે ? તમે મારા વિદ્યાર્થી છો. મેં તમને અધ્યયન કરાવ્યું છે. કાશીથી વિદાય લેતાં પૂર્વે અહીં આવેલી પંડિતોની ચોર્યાશી ગાદીઓને તમારે તમારો જ્ઞાનનો ચમત્કાર બતાવવો પડશે જેથી એમને ખ્યાલ આવે કે મારા શિષ્યો કેટલા તેજસ્વી હોય છે!"

યશોવિજયજીએ ચોર્યાશી ગાદીઓના વિદ્વાનોને શાસ્ત્રાર્થમાં પરાજીત કર્યા. આ ચોર્યાશી ગાદીઓ પાસેથી એમને વિજયપતાકા મળી. અંતે પોતાના દીક્ષાદાતા ગુરુ સાથે કાશીથી વિહાર કરીને ગુજરાતમાં આવ્યા.

બીજી બાજુ કેટલાક વર્ષો પછી વિદ્યાદાતા પંડિતની આર્થિક સ્થિતિ અત્યંત નબળી થઇ ગઇ. એમની પાસે કોઇ ભણનાર વિદ્યાર્થી પણ નહોતો. આથી પંડિતજી પોતાના ભૂતપૂર્વ વિદ્યાર્થી 'જસલા'ની ખોજમાં કાશી ગયા. એમને ક્યાંય 'જૈન જસલા'નો પત્તો લાગ્યો નહીં, કારણ કે 'જસલા' નામનો કોઇ જૈન સાધુ હતો નહીં. એમણે તો યશોવિજયજી નામ ધારણ કર્યું હતું.

કોઇએ કહ્યું કે ખંભાતમાં યશોવિજયજી નામના પ્રચંડ વિદ્વાન જૈન સાધુ છે. પંડિતજીએ વિચાર્યું કે કદાચ એ જ 'જસલો' હશે! આથી તેઓ ખંભાત ગયા. ખંભાતના જૈન ઉપાશ્રયમાં વિશાળ શ્રોતાસમૂહ સમક્ષ ઉપાધ્યાય યશોવિજયજી વ્યાખ્યાન આપતાં હતા. શ્રોતાઓ મંત્રમુગ્ધ બનીને અમૃતવાણીનું પાન કરતા હતા, એવામાં વ્યાખ્યાન મંડપમાં પોતાના વિદ્યાદાતા પંડિતજીને આવેલા જોઈને એકાએક વાણી થંભી ગઈ. અને યશોવિજયજી વ્યાખ્યાનની પાટ પરથી નીચે ઊતરી ગયા. સભામાં સન્નાટો છવાઈ ગયો. શ્રોતાજનો વિચારવા લાગ્યા, એકાએક ગુરુદેવ વ્યાખ્યાન અધૂરું મૂકીને કેમ ઊભા થઈ ગયા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોતાના વિદ્યાદાતા પંડિતજી સમક્ષ યશો-વિજયજી વિનયપૂર્વક હાથ જોડીને ઊભા રહ્યા. પંડિતજીએ એમને શ્રદ્ધાપૂર્વક આશીર્વાદ આપ્યા યશોવિજયજીએ શ્રાવકોને કહીને પંડિતજી માટે યોગ્ય આસનની વ્યવસ્થા કરાવી. એ પછી શ્રોતાઓને સંબોધતા એમણે કહ્યું,

"આ મારા વિદ્યાદાતા ગુરુ છે. તમે મારી પાસેથી જે કાંઇ સાંભળી રહ્યા છો એમની પાછળ એમની છાયા છે જો એમણે મને યોગ્યતા આપી ન હોત તો આજે તમારી સમક્ષ હું જે કાંઇ બોલી રહ્યો છું તેને યોગ્ય પણ ન હોત. આથી તમે એમની જે કાંઇ સેવા કરશો તે મારી જ સેવા બનશે.

પછી શું કહેવું પડે? શ્રાવક–શ્રાવિકાઓએ પંડિતજીની સેવા કરવામાં કશી ઊણપ ન રાખી. પંડિતજીની નિર્ધનતા દૂર થઇ અને પ્રસન્નતાથી તેઓ કાશી પાછા ફર્યા.

ધર્મની બાબતમાં જ નહીં, પરંતુ વ્યાવહારિક અને સાંસારિક વિદ્યા પણ વિનય વિના આવતી નથી. વળી વ્યવસ્થિત અધ્યયન કરવા માટે અધ્યાપક તરફ સન્માન દાખવવું જોઇએ. આથી સાધુ-સાધ્વીઓએ ગૃહસ્થ પંડિતો પાસેથી અધ્યયન કરતી વખતે એમનો આદર કરવો જોઇએ. સાધુમર્યાદાને કારણે એમની સાથે વંદન–વ્યવહાર ભલે ન કરે, પરંતુ ઊંચા આસને અથવા તો અવિનયભરી રીતે બેસીને અધ્યયન કરવું જોઈએ નહીં.

નમ્રતા હૃદયની ચીજ છે. એ શબ્દોમાં પ્રગટ ન થાય તો પણ હૃદયમાં તો હોવી જ જોઇએ. નમ્રતા હોય તો જ વાચના કે વિદ્યાની પ્રાપ્તિ સાર્થક થાય છે અને અધ્યયન તેજસ્વી બને છે.

શાસ્ત્રીય વાચના લેતી વખતે વિનયની સાથે તપનો સંયોગ થવો જોઇએ. શાસ્ત્રજ્ઞાન માટે કરાતા તપને સાધુઓ માટે તપ અને ગૃહસ્થો માટે 'ઉપધાન' કહેવાય છે આમ તો પ્રત્યેક વિદ્યાર્થીને અધ્યયન કરતી વખતે ઘણી તપસ્યા કરવી પડે છે. કારણ કે 'सुखार्थिनः कुतो विद्या, विद्यार्थिन, कुतः सुखम्' એટલે કે સુખાર્થીને વિદ્યા કઇ રીતે પ્રાપ્ત થાય? અને વિદ્યાભિલાષીને સુખ ક્યાંથી પ્રાપ્ત થાય? આથી શાસ્ત્રીય અધ્યયનની સાથોસાથ તપસ્યાની આવશ્યકતા દર્શાવવામાં આવે એમા આશ્ચર્ય પામવા જેવું કશું નથી. તપશ્ચર્યાપૂર્વક શાસ્ત્રનું અધ્યયન કરવાથી શાસ્ત્રીય જ્ઞાનપ્રાપ્તિની જિજ્ઞાસા, એનો સંચય અને એની વૃદ્ધિ કરવાની સતત ઉત્કંઠા રહે છે. સખત પરિશ્રમથી મેળવેલી વસ્તુને પ્રત્યેક વ્યક્તિ સાવધાનીપૂર્વક જાળવી રાખે છે.

(વધુ આવતા અંકે)

# શોકાંજલિ

શ્રી મહારાજા મેડીકલ હોલવાળા શ્રી ચંપકલાલ અમીચંદભાઈ ધ્રુવ ઉ. વ. ૮૭ સંવત ૨૦૪૭ના કારતક વદ ૦)) અમાસ તા. ૧૭-૧૧-૯૦ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે તેઓશ્રી આ સભાના આ જીવન સભ્ય હતા. ધાર્મિક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ. તેઓશ્રીના આત્મા ને પરમ શાંતિ મળે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.

લી. શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ગિરિરાજ યાત્રા સપ્તપદી

### સોપાન ચોથું...

પ્રભુજી આવી વાઘણપોળ કે સામા ચક્કેસરી રે લોલ,
પ્રભુજી નેમનાથની ચોરી કે, પુણ્યપાપની બારી રે લોલ.

પ. પૂ. પં. પ્રદ્યુમ્નવિજયજી મહારાજ સાહેબ

સં. ૨૦૪૫ માગસર સુદિ ૨, નાગેશ્રી જૈન ઉપાશ્રય

પ્રદ્યુમ્નવિજય,

તત્ર શ્રી દેવ-ગુરુભક્તિકારક સુશ્રાવક યોગ્ય ધર્મલાભ.

પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રીની કૃપાથી આનંદ-મંગળ વર્તે છે.

ત્યાં પણ તેમ જ હો.

ડુંગરથી રાજુલા થઈને આજે અહીં આવ્યા છીએ. અહીં નિરાંત અને શાંતિ છે એટલે પત્ર લખવા લીધો. તને પત્ર લખવાના નિમિત્તે મારે પણ ગિરિરાજના સાન્નિધ્યમાં રહેવાનું થાય છે તેનો આનંદ છે. તેથી સામાન્ય રીતે કાગળ લખવામાં જે આળસ થાય છે તેવી આમાં થતી નથી. ગિરિરાજની પ્રીતિ-ભક્તિને પોષણ મળે છે. એટલે મારા માટે તો વક્તા ક્રિયા ઉભયકારી પ્રસિદ્ધા જેવું બન્યું છે.

ગિરિરાજ અંગે તને લખું તો છું પણ હજી ઘણું-ઘણું શોધવાનું અને જાણવાનું બાકી છે. એટલે એ બધું શોધી-જાણીને પછી કાંઈ વધુ પ્રકાશ મેળવી શકાય. એટલે ક્યારેક તો એમ પણ મન થઈ આવે કે હવે આમાં શું લખવું. આ તો બધાને ખબર હોય આવું તો બધા જાણતા જ હોય. પણ પછી તારી જિજ્ઞાસા તરફ નજર જાય છે એટલે મેં જે જાણ્યું-જોયું તે બીજા પણ જાણે-જુવે, મને જે ગમ્યું તે બધાને ગમે એ ભાવે આટલું લખવા તૈયાર થયો !

વાઘણપોળની અંદર તો મંદિરોની શ્રેણિ જ રચાઈ છે. માટે જ તો કેટલાક આને મંદિરોનું નગર કહે છે. પહેલું જ શ્રી શાંતિનાથ ભગવાનનું દેરાસર આવે છે. ત્યાં ચૈત્યવંદન કરવાનું હોય છે. તે કરીને શ્રી ચક્રેશ્વરીદેવી અને શ્રી વાઘેશ્વરીદેવી પાસે જવું. આ ચક્રેશ્વરીદેવીના પ્રતિમાજી શ્રી કર્માશાહે ભરાવેલા છે. એ પગથીઆ ચડીને ઉપર આવીએ એટલે સામે શ્રી કપર્દીયક્ષ છે. જેમનું પ્રચલિત નામ કવડજક્ષ છે. આ કવડજક્ષના પ્રતિમાજી મૂળ હતા તે શ્રી કર્માશાહે ભરાવેલા હતા. પણ તે હાલ નથી. આ પ્રતિમા તો નાના છે. આ કવડજક્ષની પણ એક ઐતિહાસિક કથા છે. જાણવા જેવી છે-

શ્રી તપાગચ્છના મૂળપુરુષ શ્રી જગચ્ચન્દ્રસૂરિજી મહારાજની પરંપરામાં શ્રી ધર્મઘોષસૂરિજી મહારાજ નામના પ્રભાવક આચાર્ય મહારાજ થઈ ગયા. જેઓ માંડવગઢના મંત્રીશ્વર પેથડકુમારના ગુરુ હતા. મહાન તપસ્વી હતા. મંત્રવિદ્યાના ક્ષેત્રે સિદ્ધપુરુષ હતા. તેમણે એ કાળે ઘણાં શાસન-પ્રભાવનાના અને સંઘરક્ષાના સત્કાર્યો કર્યા હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેઓશ્રી એક ગામમાં વિરાજમાન હતા. રોજ ગામની બહાર સ્થંડિલ ભૂમિએ જ્યારે તેઓશ્રી શિષ્યો સાથે પધારે ત્યારે ગામના પાદરમાં ઊભા રહેવાનું થતું. ત્યાંજ એક વણકરનું ઘર. ઘરની ઓસરીમાં બેસી વણકર કપડાં વણે. હાથસાળ ઉપર કામ કરે. રોજ નેત્રમિલન થાય. ધીરે-ધીરે સૂરિજી મહારાજ અને મુનિ મહારાજના રોમરોમથી ઝરતી ત્યાગ અને વૈરાગ્યની ધારા આ વણકરને સ્પર્શી ગઇ.

એકવાર એણે જ સામે ચાલીને પૂછયું, આપ બધા તો સંતપુરુષો કહેવાઓ, ભગવાનના ઘરના માણસ ગણાવ, આપનું તો કલ્યાણ થઇ જવાનું પણ અમારા જેવાનું શું થશે? અમારા કલ્યાણનો કોઈ માર્ગ જ નથી?

આવી હૈયા સોંસરવી જિજ્ઞાસાથી સૂરિવરના હૈયામાં કરુણાનું પૂર આવ્યું. વાત્સલ્ય ઉભરાઇ આવ્યું. સૂરિજીએ કહ્યું, બધાજ જીવોના કલ્યાણનો માર્ગ પ્રભુએ બતાવ્યો છે. તેમાં તમારા જેવા જીવો માટે પણ માર્ગ છે જ.

વણકર કહે, તમે તો કહો કે આ ઘરબાર છોડી દો, આ ધંધો છોડી દો. પણ અમારાથી કાંઇ એવું થાય તેમ નથી. એટલું જ નહીં પણ કાંઇ તપ પણ થાય તેમ નથી. ત્યાગ પણ થાય તેમ નથી. એ સિવાયનો કોઈ માર્ગ હોય તો બતાવો.

વણકરની નિખાલસતા પારદર્શક હતી. ધર્મીજીવનું પહેલું લક્ષણ નિર્દંભીપણું. તે આ વણકરમાં દેખાતું હતું.

સૂરિજીએ તેને "ગંઠીસહિય" પચ્ચક્ખાણનો ઉપદેશ આપ્યો. જ્યારે પણ કાંઈ ખાવું હોય ત્યારે ગાંઠ છોડીને ખાવાનું અને ખાઇ રહ્યા પછી ગાંઠ વાળી દેવાની. આમાં ક્યારેય ભૂલ નહીં કરવાની. વણકરને આ વાત જચી ગઈ. પોતાથી થઇ શકે તેવો ધર્મ લાગ્યો. અંતરંગ શૌર્ય હતું જ. એટલે પ્રતિજ્ઞા લીધા પછી પ્રાણાંતે પણ તેનું પાલન કરવું, તેવું બરાબર માનતો હતો અને સજ્જનોની આ તાસીર છે:

'સજ્જનો રમતાં બોલે, શિલાલેખ સમાન તે
દુર્જનો શપથે બોલે, પાણી લેખ સમાન તે.'

નિયમ લીધો પાલન શરુ થયું. શરુ-શરુમાં કપરુ લાગ્યું. પણ પોતે સ્વેચ્છાએ સ્વીકાર કર્યો હતો તેથી કપરી કસોટીમાં પણ ન ડગ્યા. ક્યારે પણ ભૂલ ન થઈ જાય તે માટે કુટુંબના બધા સભ્યોને કહી રાખેલું. એટલે એ રીતે આ એક જ નિયમ બરાબર પળાતો ગયો. અને કશા ખાંચા વિના પળાયેલો નિયમ કલ્પવૃક્ષની જેમ ફળે છે. જો તમે તેમાં દૃઢ રહો તો.

વણકરને એકવાર આ નિયમની કસોટી થઇ. રાત્રિનો સમય. ભૂખ અને તરસ બન્ને જોર કરતા હતા. ગાંઠ છોડવા પ્રયત્ન કર્યો. પણ એ ગાંઠ ન છૂટી અને પાપની ગાંઠ ઉકલી ગઇ. શુભભાવમાં જ દેહ છોડયો. દેવલોકમાં દેવ થયા. કપર્દીયક્ષ થયા. અને ગિરિરાજની રક્ષાનું કાર્ય તેઓ કરવા લાગ્યા. એ કપર્દીયક્ષની આ પ્રતિમા છે. અહીં એક શ્રીફળ ચઢાવવું જોઇએ. અને આ સ્તુતિ બોલવી જોઈએ.

જેઓ પૂર્વભવે હતા વણકર પાપે ભરેલા છતાં,
સદ્ગુરુના ઉપદેશથી જીવનમાં નાનું કર્યું સુકૃત
તે વ્રતપાલન પુણ્યથી સુર થયા ને જે કપર્દી જન્મ્યા
તે સિદ્ધાચલ તીર્થરક્ષક સદા રક્ષા અમારી કરો.

આ વાત એક પ્રબન્ધમાં આ સ્વરૂપે આવે છે.

यः पूर्व तन्तुवायः कृतसुकृतलवो दुरितौ
पूरितोऽधैः,
प्रत्याख्यान प्रभावा दमरमृगदृशामातिथेयं
प्रपेदे ।
सेवाहेवाकशाली प्रथमजिनपदाम्भोजयो
स्तीर्थरक्षा,
यक्षः श्री यक्षराजः स भवतु भविनां
विघ्नमर्दी कपर्दी ॥ १ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ શ્રી કપર્દીયક્ષના દર્શન કરીને પછી શ્રી નેમિનાથની ચોરીના નામથી પ્રસિદ્ધ દેરાસરમાં જવાનું. આનું બીજું નામ ભૂલવણીનું દેરાસર પણ કહેવાય છે. આમાં ઘણું જોવા-જાણવા જેવું છે. એકકાળે વિહરતા ઉત્કૃષ્ટ ૧૭૦ જિનવરોનો સુંદર પટ છે તેમાં ૧૪ રાજલોકનું શિલ્પ તો અનૂઠું છે શ્રી નેમિકુમારની જાન-તેમના માટેની ચોરી-દીક્ષાનો વરઘોડો, આ બધું બારીકાઇથી જોવા જેવું છે.

એ શ્રી નેમિનાથની ચોરીની સામેના ભાગમાં બે સ્થાનના દર્શન કરવા જેવા છે. એક શ્રી કપર્દી યક્ષની દેવીની પાછળ સમવસરણ મંદિર છે. વિક્રમના અઢારમા સૈકામાં એક શ્રાવકે આવશ્યક નિર્યુક્તિ ગ્રન્થમાં વર્ણવ્યા પ્રમાણેનું સમવસરણ બનાવ્યું છે. તેવો શિલાલેખ પણ છે.

અને બીજું એની બાજુમાં જ સ્હેજ પગથીઆ ચઢો તો શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર છે. પ્રભુજી ખૂબ જ પ્રભાવક છે મૂર્તિ નયનમનોહારિણી છે. તેના પાછળના ભાગથી નવ-ટૂંકની શિખરોની હાર દેખાય છે.

એના દર્શન કરીને પગથીયા ઉતરો ત્યારે જમણીબાજુ એક નાનું દેરાસર છે. તેમાં બહારથી પણ દર્શન થાય એ રીતે બે પટ છે. એક અષ્ટાપદતીર્થનો અને એક નન્દીશ્વરદ્વીપનો. આ બન્ને પટ અખંડ આરસના શિલાખંડમાંથી નિર્માણ કરાયાં છે. તેમાં ઝીણી કોરણી છે, શિલ્પીનું કલા-કૌશલ્ય તુર્ત જણાઇ આવે છે.

એ પછી આ બાજુ શ્રી નેમિનાથ ભગવાનની ચોરીના દેરાસરજીને અડીને જે દેરી છે ત્યાં તો તને દર વખતે ભૂલ્યા વિના જતા હશો જ, અને એ પુણ્ય-પાપની બારીમાંથી તમે નીકળ્યા હશો. અને જાતને પુણ્યશાળી માની હશે.

આપણો પ્રશ્ન આ જ છે કે આ શું છે? આ સાંઢણી, તેના ઉપર બેઠેલા શેઠ, તેની નીચે દોરડું લઇને બેઠેલો રબારી, આ બધું શું છે? અહીં આ બધાનું પ્રયોજન શું છે? આ શિલ્પની પાછળ એક ઇતિહાસ છૂપાયો છે.

વાત આમ બની હતી.

આજથી લગભગ ૮૦૦ વર્ષ પહેલાંની વાત છે. અણહિલપુર પાટણમાં ઘીવટો છે, ત્યાં મણિયાતી પાડો છે, તેમાં શેઠ કામાશા નામના શ્રાવક વસે તેમને પરિવારમાં ત્રણ પુત્ર અને એક પુત્રી. તે ત્રણ પુત્રમાં એકનું નામ પ્રતાપદાસ.

પ્રતાપદાસ બાલબ્રહ્મચારી પુરુષ હતા. બીજા ભાઈઓનો પરિવાર હતો. અને તેમનો વંશ હજી આજેપણ હયાત છે. આખું કુટુંબ ધર્મના રંગથી રંગાયેલું હતું. ગમે તે કારણ હોય શેઠ પ્રતાપદાસ શ્રી વાસુપૂજ્યસ્વામીજીની ખૂબ ભક્તિ કરતા. તપસ્વી પણ ખરાં. શ્રી સિદ્ધગિરિરાજ પ્રત્યે હૃદયમાં અતિશય ભક્તિ-બહુમાન.

કાર્તિકી પૂર્ણિમાની યાત્રા અવશ્ય કરે. અને તે પણ કાર્તિક સુદિ ૧૩-૧૪ અને પૂનમનો ચોવિહારો અઠ્ઠમ કરવાપૂર્વક કરે,

વાત તો એવી છે કે સુદિ ૧૪નું ચોમાસી પ્રતિક્રમણ કરીને ઊંટડી ઉપર નીકળે. ઊંટડી અને રબારી તૈયાર હોય. પાટણની પાસેના ખારી વાવડી નામના ગામના જ આ રબારી યોજનગામિની ઊંટડી સાથે હાજર હોય. બીજે દિવસે બાર વાગ્યા પહેલાં-પહેલાં તો દાદાના દરબારમાં હાજર થઇ જાય.

આ સિલસિલો વર્ષો સુધી એકપણ વર્ષના ખાંચા વિના ચાલુ રહ્યો. દર કાર્તિક પૂર્ણિમા, ચોમાસી પ્રતિક્રમણ, ચોવિહારો અઠ્ઠમ ગિરિરાજની યાત્રા....

તેમાં એકવાર યોગાનુયોગ એવું બન્યું: ચોમાસામાં વરસાદ થયેલો નહીં ને આસો-કાર્તિકમાં જ ઉનાળા જેવા તડકા પડવા લાગ્યા. પ્રતાપદાસને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચોવિહારો અઠ્ઠમ આકરો લાગ્યો. પણ જાત્રા કરવી તે કરવી. નીકળ્યા તો ખરા, પણ વલ્લભીપુર પહોંચતા-પહોંચતા તો ભારે તાપ લાગવા માંડ્યો. ત્રણેને તાપ, તરસ ને થાકે ઘેરી લીધાં. માંડ માંડ ગિરિરાજ પહોંચ્યા પણ આગળ ઉપર જઇ ન શકયા. તળેટીમાં જ ગિરિરાજના ચરણે અને આદીશ્વર દાદાના શરણે એક સાથે ત્રણેનો કાળધર્મ થયો. સ્વર્ગવાસ થયો. ત્રણેનું જીવન ધન્ય બન્યું, મૃત્યુ ઉત્સવ બન્યું. સકળ શ્રીસંઘે આ ત્રણે ઉત્તમ જીવોની ત્રિવિધે અનુમોદના કરી. અને કાળનો કાટ ન લાગે તેવું કામ કરીને અમર બની ગયેલાની કાયમી અનુમોદના થતી રહે તે માટે શ્રીસંઘે આ શિલ્પ રચીને ચિરસ્મરણીય સ્મારક કર્યું.

આ સમાચાર પાટણમાં કારતક વદિ બીજના દિવસે મળ્યા. એટલે અત્યારે પણ તેમના કુટુંબમાં એ દિવસ ઉજવાય છે. આખું કુટુંબ ભેળું થાય છે. મણિયાતીપાડામાં તેઓનું ઘરદેરાસર છે. તેમાં આ કાકાજીસાહેબ (તેમના કુટુંબના બધા સભ્યો પ્રતાપદાસ શેઠને કાકાજી સાહેબના નામે જ બોલાવે છે.) સાંઢણી ઉપર બેઠા છે અને રબારી પણ છે તેવું એક લગભગ ૨૫૦-૩૦૦ વર્ષ જુનું ભીંતચિત્ર છે. વળી આવા પુણ્યશાળી જીવે વ્રત-પચ્ચક્ખાણમાં ગિરિરાજની ભક્તિ કરતાં-કરતાં પરલોકે પ્રયાણ કર્યું તેથી તેમની એક કાયોત્સર્ગ મુદ્રામાં પંચધાતુની મૂર્તિ પણ ભરાવવામાં આવી છે અને એ મૂર્તિ હાલ પાટણમાં ઝવેરીવાડામાં શ્રી વાડીપાર્શ્વનાથજીના દેરાસરજીમાં છે. આ ત્રણે ધન્ય આત્માના દર્શન ત્યાં થાય છે. આમ તો આ સાંઢણી-શેઠ અને રબારી પાસે કોણ જાય! એટલે પૂર્વપુરુષોએ આને પુણ્ય-પાપની બારીનું સુંદર, તમામ બાળજીવોને આકર્ષક લાગે તેવું રૂપ આપી દીધું! અને આમે વાત સાચી જ છે ને! શુભ મન-વચન અને કાયાથી ગિરિરાજની યાત્રા એ પુણ્યની બારી છે અને અશુભ મન-વચન અને કાયાથી થયેલી આ યાત્રા તો પાપની બારી બની જાય.

કેવી સુંદર ઐતિહાસિક કથા આ શિલ્પમાં કંડારી છે.

ત્યાંથી આગળ જતાં બન્ને બાજુ મંદિરોની શ્રેણિ અને તેમાં બિરાજમાન સિદ્ધભગવંતોને જોઇ "જ્યાં જ્યાં પ્રતિમા જિનતણી ત્યાં ત્યાં કરું પ્રણામ" બોલતા આગળ વધીએ એટલે હાથીપોળ દેખાવા લાગે. જમણી બાજુ ઉપરના ભાગે કવડવંજવાળુ દેરાસર આવે અને સાવ રસ્તા ઉપર એક ગુરુમૂર્તિની દેરી છે. એ શ્રી શત્રુંજયમહાત્મ્યના રચયિતા આચાર્ય શ્રી ધનેશ્વરસૂરિજી મહારાજની ગુરુમૂર્તિ છે. તેમને વંદના કરજો. આ શિલ્પ સુંદર છે, બારીકાઈથી જોવાલાયક છે. ગુરુમહારાજનું એક ચરણ નીચે છે અને ત્યાં જ એક શિષ્ય ચરણસ્પર્શ કરતાં દેખાય છે.

ગુરુમહારાજ ધ્યાન અવસ્થામાં પ્રાણને બ્રહ્મરન્ધ્રમાં સ્થાપન કરીને સમાધિમાં સ્થિર રહે. જ્યારે સમાધિમાંથી પાછા જાગૃત અવસ્થામાં આવવુ હોય ત્યારે શિષ્ય આ રીતે પગની ઘૂંટી પાસેની નાડીને સ્પર્શ કરે તેથી પ્રાણ ધીરે-ધીરે નીચે આવે. એવી યોગની પ્રક્રિયાને દર્શાવતું આ શિલ્પ છે.

આ ગુરુમૂર્તિથી આગળ હાથીપોળ આવે. ત્યાંથી ડાબી બાજુએ સૂરજકુંડમાં જવાનો રસ્તો છે. આ સૂરજકુંડના પાણીનો આપણે ત્યાં ખૂબ મહિમા છે. ચંદરાજા જે પહેલા કૂકડો થઇ ગયા હતા તે આ જળના સ્નાનથી પાછા મનુષ્ય બની ગયા હતા, એ પ્રસંગનું નાનુ-નાજુક અને સુંદર ચિત્ર આ કુંડની ભીંતમાં ઉપરના ભાગે છે. શિલ્પની જેમ ઉપસાવેલું છે. તે જોવા જેવું છે. આ કુંડની બાજુમાં જે કુંડ છે તેનું નામ ભીમકુંડ છે.

હાથીપોળમાં દાખલ થાઓ એટલે ગુલાબ-જાઇ-જુઇ-ચમેલી-દાઉદી વગેરે પુષ્પોની મઘમઘતી

(અનુસંધાન પાના નં. ૩૧ ઉપર)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરના 'ગણધર'નો ટૂંક પરિચય

શ્રમણ ભગવાન મહાવીરના ૧૧ મુખ્ય શિષ્યો હતા. તેઓ 'ગણધર' કહેવાયા. તેઓનો ટૂંક પરિચય આ મુજબ છે.

લેખક : પૂજ્ય મુનિશ્રી વાત્સલ્યદીપ મ. સા.

## (૧) શ્રી ગૌતમ સ્વામી

નામ : શ્રી ગૌતમ સ્વામી

જન્મ : ગોબરગામ, મગધ દેશ

પિતાનું નામ : વસુભૂતિ વિપ્ર

માતાનું નામ : પૃથ્વી

ગોત્ર : ગૌતમ

દીક્ષા : ૫૦ મા વર્ષે

કેવળ જ્ઞાન : ૮૧મા વર્ષે

નિર્વાણ : ૯૨મા વર્ષે, વૈભારગિરિ

સંશય : 'પંચમહાભૂત (પૃથ્વી આદિ) છે કે નહીં?'

શિષ્ય સંખ્યા : દીક્ષા ગ્રહણ કરી ત્યારે ૫૦૦ શિષ્યો હતા.

(અનુસંધાન પાના નં. ૩૦નું ચાલુ)

સુગંધ આવે. સંખ્યાબંધ માળીઓ ટોપલે-ટોપલા લઈને બેઠાં હોય છે. પ્રભુજીને ચઢાવવા ફૂલ લેવા પણ ભાવ બાબતમાં રકઝક ન કરવી. ખૂબ ઉદાર હૃદયે આ બધો વ્યવહાર કરવો. આ પોળ પછી આવે છે રતનપોળ એટલે દાદાનો દરબાર

બસ...હવે દાદાના દરબારની વાત....આગળના પત્રે.

ઉત્તર લખજે ધર્મારાધનામાં ઉજમાળ બનજે.

એજ

પ્રદ

## (૨) શ્રી અગ્નિભુતિ ગણધર

નામ : શ્રી અગ્નિભુતિ સ્વામી

જન્મ : ગોબરગામ, મગધ દેશ

પિતાનું નામ : વસુભૂતિ વિપ્ર

માતાનું નામ : પૃથ્વી

ગોત્ર : ગૌતમ

દીક્ષા : ૪૭મા વર્ષે

કેવળ જ્ઞાન : ૫૯મા વર્ષે

નિર્વાણ : ૭૪મા વર્ષે, વૈભારગિરિ

સંશય : 'કર્મ છે કે નહીં?'

શિષ્ય સંખ્યા : દીક્ષા ગ્રહણ કરી ત્યારે ૫૦૦ શિષ્યો હતા.

## (૩) શ્રી વાયુભુતિ ગણધર

નામ : શ્રી વાયુભુતિ ગણધર

જન્મ : ગોબરગામ, મગધ દેશ

પિતાનું નામ : વસુભૂતિ વિપ્ર

માતાનું નામ : પૃથ્વી

ગોત્ર : ગૌતમ

દીક્ષા : ૪૩મા વર્ષે

કેવળ જ્ઞાન : ૫૩મા વર્ષે

નિર્વાણ : ૭૦મા વર્ષે

સંશય : 'આ શરીર છે તે જ આત્મા છે કે શરીરથી અલગ આત્મા છે?'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શિષ્ય સંખ્યા : દીક્ષા ગ્રહણ કરી ત્યારે ૫૦૦ શિષ્યો હતા.

## (૪) શ્રી વ્યક્ત ગણધર

નામ : શ્રી વ્યક્ત ગણધર

જન્મ : કોલ્લાક ગામ, મગધ દેશ

પિતાનું નામ : ધનમિત્ર

માતાનું નામ : વારુણી

ગોત્ર : ભારદ્વાજ

દીક્ષા : ૫૧મા વર્ષે

કેવળ જ્ઞાન : ૬૨મા વર્ષે

નિર્વાણ : ૮૦મા વર્ષે, વૈભારગિરિ

સંશય : 'પંચમહાભૂત (પૃથ્વી વગેરે) છે કે નહીં?'

શિષ્ય સંખ્યા : દીક્ષા ગ્રહણ કરી ત્યારે ૫૦૦ શિષ્યો હતા.

## (૫) શ્રી સુધર્માસ્વામી ગણધર

નામ : શ્રી સુધર્માસ્વામી ગણધર

જન્મ : કોલ્લાક ગામ, મગધ દેશ

પિતાનું નામ : ધનમિત્ર વિપ્ર

માતાનું નામ : ભદ્દિલા

ગોત્ર : અગ્નિ વૈશ્યાયન

દીક્ષા : ૫૧મા વર્ષે

કેવળ જ્ઞાન : ૯૩મા વર્ષના આરંભે

નિર્વાણ : ૧૦૧માં વર્ષારંભે ગુણશીલ ચૈત્ય રાજગૃહી

સંશય : 'જે જીવ આ ભવમાં હોય છે તેવો જ પરભવમાં હોય છે કે બીજા સ્વરૂપે?'

શિષ્ય સંખ્યા : દીક્ષા ગ્રહણ કરી ત્યારે ૫૦૦ શિષ્યો હતા.

## (૬) શ્રી મંડિત ગણધર

નામ : શ્રી મંડિત ગણધર

જન્મ : મૌર્ય ગામ, મગધ દેશ

પિતાનું નામ : ધનદેવ વિપ્ર

માતાનું નામ : વિજયાદેવી

ગોત્ર : વસિષ્ઠ

દીક્ષા : ૫૪મા વર્ષે

કેવળ જ્ઞાન : ૬૮મા વર્ષે

નિર્વાણ : ૮૩મા વર્ષે, વૈભારગિરિ

સંશય : 'જીવને બંધ અને મોક્ષ છે કે નહીં?'

શિષ્ય સંખ્યા : દીક્ષા ગ્રહણ કરી ત્યારે ૩૫૦ શિષ્યો હતા.

## (૭) શ્રી મૌર્યપુત્ર ગણધર

નામ : શ્રી મૌર્યપુત્ર ગણધર

જન્મ : મૌર્યગામ, મગધ દેશ

પિતાનું નામ : મૌર્ય વિપ્ર

માતાનું નામ : વિજયાદેવી

ગોત્ર : કશ્યપ

દીક્ષા : ૬૫મા વર્ષે

કેવળ જ્ઞાન : ૮૦મા વર્ષે

નિર્વાણ : ૯૫મા વર્ષે, વૈભારગિરિ

સંશય : 'દેવો છે કે નહીં?'

શિષ્ય સંખ્યા : દીક્ષા ગ્રહણ કરી ત્યારે ૩૫૦ શિષ્યો હતા.

## (૮) શ્રી અંકપિત ગણધર

નામ : શ્રી અંકપિત ગણધર

જન્મ : મિથિલા નગરી

પિતાનું નામ : દેવદ બ્રાહ્મણ

માતાનું નામ : જયંતિ

ગોત્ર : ગૌતમ

દીક્ષા : ૪૯મા વર્ષે

કેવળ જ્ઞાન : ૫૮મા વર્ષે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિર્વાણ : ૭૮મા વર્ષે

સંશય : 'નારકીઓ છે કે નહીં?'

શિષ્ય સંખ્યા : દીક્ષા ગ્રહણ કરી ત્યારે ૩૦૦ શિષ્યો હતા.

## (૯) શ્રી અચલભ્રાતા ગણધર

નામ : શ્રી અચલભ્રાતા ગણધર

જન્મ : કોશલા નગરી

પિતાનું નામ : શ્રી વસુ બ્રાહ્મણ

માતાનું નામ : નંદા

ગોત્ર : હારિત

દીક્ષા : ૪૭મા વર્ષે

કેવળ જ્ઞાન : ૫૯મા વર્ષે

નિર્વાણ : ૭૨મા વર્ષે, વૈભારગિર

સંશય : 'પુણ્ય અને પાપ છે કે નહીં?'

શિષ્ય સંખ્યા : દીક્ષા ગ્રહણ કરી ત્યારે ૩૦૦ શિષ્યો હતા.

## (૧૦) શ્રી મેતાર્ય ગણધર

નામ : શ્રી મેતાર્ય ગણધર

જન્મ : તુંગિક ગામ, વચ્છ દેશ

પિતાનું નામ : દત્ત બ્રાહ્મણ

માતાનું નામ : વરુણદેવી

ગોત્ર : કૌડિન્ય

દીક્ષા : ૩૭મા વર્ષે

કેવળ જ્ઞાન : ૪૭મા વર્ષે

નિર્વાણ : ૬૨મા વર્ષે, વૈભારગિરિ

સંશય : 'પરલોક છે કે નહીં?'

શિષ્ય સંખ્યા : દીક્ષા ગ્રહણ કરી ત્યારે ૩૦૦ શિષ્યો હતા.

## (૧૧) શ્રી પ્રભાસ ગણધર

નામ : શ્રી પ્રભાસ ગણધર

જન્મ : રાજગૃહી, મગધ દેશ

પિતાનું નામ : શ્રી બલ બ્રાહ્મણ

માતાનું નામ : અતિભદ્રા

ગૌત્ર : કૌડિન્ય

દીક્ષા : ૧૬મા વર્ષે

કેવળ જ્ઞાન : ૨૫મા વર્ષે

નિર્વાણ : ૪૦મા વર્ષે, વૈભારગિર

સંશય : 'મોક્ષ છે કે નહીં?'

શિષ્ય સંખ્યા : દીક્ષા ગ્રહણ કરી ત્યારે ૩૦૦ શિષ્યો હતા.

---

## શોકાંજલિ

શ્રી ભાવનગર શહેરના જૈન શ્વે૦ મૂ૦ તપા સંઘના આગેવાન, પીઢનિષ્ઠાવાન, અનુભવિ કાર્યકર શ્રી પરમાણંદદાસ નરોત્તમદાસ વોરા સંવંત ૨૦૪૭ માગશર વદ એકમ તા. ૩-૧૨-૯૦ના રોજ મુંબઇ મુકામે સ્વર્ગવાસી થયેલ છે તેઓશ્રી જૈન આત્માનંદ સભાના આજીવન સભ્ય હતા. અને ખૂબ જ સારી સેવા. આ સભાને આપેલ છે તે ખરેખર ખુબજ ધન્યવાદને પાત્ર છે તેઓશ્રી ધાર્મીક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા. તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ, તેઓશ્રીના આત્માને પરમશાંન્તિ મળે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.

લી. શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd. No. G. BV. 31

# વ્યવહાર શુદ્ધિ

પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ

વ્યવહાર શુદ્ધિ માટે કૃતજ્ઞતા અને પરોપકાર એ બે ગુણનું પાલન આવશ્યક છે.

કૃતજ્ઞતા ગુણથી પ્રમોદભાવ જળવાય છે.

પરોપકાર ગુણથી કરૂણાભાવ સચવાય છે.

કૃતજ્ઞતા એટલે બીજાના ઊપકારને ગાંઠે બાંધવો તે બીજાના ઉપકારને ન ભૂલવો તે.

પરોપકાર એટલે પરને ઉપકારી સમજવો તેમજ સ્વીકારવો તે.

કૃતજ્ઞતા ગુણના પાયા ઉપર ચણાતી જીવનરૂપી ઇમારત જ સર્વગુણ મંડિત બને છે

તાત્પર્ય કે પ્રમોદભાવ એ જીવનનું પણ જીવન છે. રાગ–દ્વેષરૂપી મહાદોષનો સમૂળ ક્ષય કરવાનું સામર્થ્ય ધરાવતા આ ભાવ વડે જ જીવન ખરેખર જીવવા જેવું બને છે.

જીવનમાં કૃતજ્ઞતા ગુણ પ્રગટે છે એટલે પરોપકાર ગુણ પણ ખીલવા માંડે છે. તેવા ગુણવાળાને જગતના બધા જીવો ઉપકારી પ્રતીત થાય છે તેથી જીવો પર કરાતા ઉપકારનો અહંકાર તેને સ્પર્શતો નથી.

શ્રી અરિહંત પરમાત્મા પરોપકારી છે એ ત્રિકાલા બાધ્ય સત્યને સર્વ પ્રથમ હૃદયમાં પ્રતિષ્ઠિત કરવું. તેમાં સાચી કૃતજ્ઞતા છે. તેઓશ્રીના ગુણોની અનુમોદનાનો આ ઉત્તમ માર્ગ અપનાવવાથી પ્રત્યેક સત્કર્મ કરતી વખતે, તેઓશ્રીનેજ આગળ રાખવાની સદ્‌બુદ્ધિ જળવાય છે.

ખરા સમયે મદદ કરનારને ઉપકારી માનીએ છીએ, તેમજ જીવીએ ત્યાં સુધી તેને યાદ કરીએ છીએ તો નિષ્કારણ કરૂણાસિંધુ શ્રી અરિહંત પરમાત્માના ઉપકારોને કદીય ન ભૂલીએ તેમજ સદાય હૃદયમાં રાખીને જીવન જીવીએ તેમાં આપણી ખાનદાની છે.

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only